નિયામકશ્રી, સમાજ સુરક્ષા સંચાલિત સંસ્થા/કચેરીઓના રીપેરીંગ કરવા માટેની રૂ.૩,૮૪,૬૩,૮૬૦/- જોગવાઈની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0201/CHH Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૫/૨૦૨૩

વંચાણે લીધા:

(૧)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૬/૦૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક : DSD/0488/12/2022.

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૮/૦૩/૨૦૨૩ના પત્ર ક્રમાંક : DSD/0353/03/2023.

પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના પત્રથી નિયામકશ્રી(સ.સુ.)એ નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત સંસ્થા/કચેરીઓના રીપેરીંગ કરવા માટે રૂ.૩,૮૪,૬૩,૮૬૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ ચોર્યાસી લાખ ત્રેસઠ હજાર આઠસો સાઇઠ પુરા) ની જોગવાઈ કરવા નવી બાબત ૨૦૨૩-૨૪ તરીકે કરવા દરખાસ્ત કરેલ. સદરહુ નવી બાબતને મળેલ સૈદ્ધાંતિક મંજૂરી અન્વયે અંદાજપત્ર ૨૦૨૩-૨૪માં જોગવાઈ થતાં વંચાણે લીધેલા ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી(સ.સુ)ના પત્રથી સદરહુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત કરેલ. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત સંસ્થા/કચેરીઓના રીપેરીંગ કરવા માટે રૂ.૩,૮૪,૬૩,૮૬૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ ચોર્યાસી લાખ ત્રેસઠ હજાર આઠસો સાઇઠ પુરા) ની વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સામેલ ઉક્ત બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ રકમનો ઉપયોગ નીચે મુજબની કચેરીઓના રીપેરીંગ માટે નીચે મુજબની શરતોને આધીન કરવાનો રહેશે.

અ.નં.	જીલ્લાનું નામ	સંસ્થાનું નામ	કામનું નામ.	અંદાજીત રકમ.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
(૧)	બનાસકાંઠા	ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ	ગટર લાઇનની પાઇપો નવી નાખવા બાબત.	રૂા.૨,૫૦,૦૦૦/-
(૨)	બનાસકાંઠા	ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ	જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ રૂમમાં નવા દરવાજા ટોયલેટ બનાવવા.	રૂા.૩,૨૧,૦૦૦/-
(૩)	રાજકોટ	અપંગ બાળગૃહ	૨-બાથરૂમ, ૨-ટોયલેટ રીપેર બનાવવા	રૂા.૧૫,૦૦,૦૦૦/-
(૪)	રાજકોટ	જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી	રીનોવેશન તથા આધુનીકરણ કરવા	રૂા.૩૧,૨૫,૪૦૦/-
(૫)	વડોદરા	ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર	પુરૂષ બેરેક ડોરમેટ્રીમાં બાથરૂમના દરવાજા,વોટર ટેન્ક, કલર વર્ક એન્ડ સેવેજ લાઇન એટ મેન્સ એન્ડ ઓફિસ રીપેરીંગ	રૂા.૪,૪૧,૮૦૦/-
(૬)	ગાંધીનગર	સરકારી બાળગૃહ	કમ્પાઉન્ડ દિવાલ ફરતે સ્ટ્રીટલાઇટ નાખવી	રૂા.૫,૩૦,૯૨૦/-
(૭)	ભાવનગર	ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ	કન્સ્ટ્રકશન ઓફ લેડીઝ એન્ડ જેન્સ ટાઇલેટ બ્લોક એન્ડ રાઇઝીંગ એકઝીસ્ટીંગ કમ્પાઉન્ડ વોલ	રૂા.૧૩,૨૯,૫૦૦/-
(૮)	તાપી	જીલ્લા સ.સુ.અધિ.ની કચેરી, તાપી.	જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, તાપીનું રીનોવેશન બાબત.	રૂા.૯,૬૫,૨૪૦/-
(૯)	નિયામક, સમાજ સુરક્ષા સંચાલિત તમામ સંસ્થા/કચેરીઓ માટે ફાયર સેફટીની વ્યવસ્થા સારૂ ટોકન જોગવાઇ કરવા બાબત.			૧,૦૦,૦૦૦,૦૦/-
(૧૦)	નિયામક, સમાજ સુરક્ષા સંચાલિત તમામ સંસ્થા/કચેરીઓના મકાનો સુગમ્ય બનાવવા સારૂ ટોકન જોગવાઇ કરવા બાબત.			૧,૦૦,૦૦૦,૦૦/-
(૧૧)	નિયામક, સમાજ સુરક્ષા સંચાલિત તમામ સંસ્થા/કચેરીઓના રીપેરીંગ/રીનોવેશનની ટોકન જોગવાઇ કરવા બાબત.			૧,૦૦,૦૦૦,૦૦/-
			કુલ રૂા.	રૂા.૩,૮૪,૬૩,૮૬૦/-